# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## MINISTER ASHWINI VAISHNAV GUJ.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે રાજ્યની એક દિવસની મુલાકાત અંતર્ગત સુરત ના કીમ આવ્યા આવ્યા હતા. તેઓએ બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેકચરિંગ ફેકટરીની મુલાકાત લઇને અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. તેઓ લોકાદરાના પ્લાસર ઇન્ડિયા ફેકટરીની મુલાકાત લેશે.

શ્રી વૈષ્ણવ આજે સાંજે વડોદરામાં ગતિશક્તિ યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રેહશે.

આ પદવીદાન સમારોહમાં વિજ્ઞાન, ટેકનોલોજી, બિઝનેસ એડમિનિસ્ટ્રેશન સહિતની વિદ્યાશાખાના કુલ 239 વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે અને પાંચ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરશે.

ઉલ્લેખનીય છે કે, ગતિશક્તિ વિશ્વ વિદ્યાલય પરિવહન અને લોજીસ્ટીક્સ ક્ષેત્રને સમર્પિત દેશનું પહેલું અને એકમાત્ર વિશ્વ વિદ્યાલય છે.

----------------------------

## CM BOOK FAIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ રિવરફ્રન્ટ  ખાતે ભારત સરકારના શિક્ષા મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૪'નો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મધર ઓફ ડેમોક્રેસી - ઇન્ડિયા, વેદ કલ્પતરુ, સામૂહિક હિત કા દીપ જલે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લિખિત એક્ઝામ વોરીયર્સ જેવા પુસ્તકો ડિજિટલ પેમેન્ટ વડે ખરીદ્યા હતા.

મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિદ્યાર્થીઓને 'સમૃદ્ધ ભારત માટેના પાંચ વચન'નાં પ્રમાણપત્ર તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લિખિત બુક 'એક્ઝામ વોરિયર્સ' બાળકોને આપવામાં આવી હતી.

હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત ૩૦ નવેમ્બરથી ૮મી ડિસેમ્બર સુધી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' યોજાશે. આ બૂક ફેરમાં ૧૦૦થી વધુ સાહિત્યિક કાર્યક્રમો, ૩૦૦થી વધુ પ્રકાશકોના સ્ટોલ સહિત ૧૦૦૦થી વધુ પ્રકાશકોનાં પુસ્તકો પ્રદર્શિત થયા છે. આ સાથે ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાન ગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણો ઉપલબ્ધ રહેશે.

--------------

## CM SOJITRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે આણંદ જિલ્લાના સોજીત્રા ખાતેથી ચરોતર વિસ્તાર માટે 120 કરોડથી વધુ રૂપિયાના 53 જેટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું.. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા યુવા પેઢીને ઘરઆંગણે જ ઉચ્ચ શિક્ષણ માટે 14 કરોડ કરતાં વધુના ખર્ચે નવનિર્મિત

શ્રી ભાઈકાકા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજનું લોકાર્પણ કર્યું હતું. તેમજ વિવિધ વિભાગોની મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે ચારુતર એજ્યુકેશન ટ્રસ્ટ ખાતેના મલ્ટી યુટિલિટી સેન્ટરનું પણ ઉદ્દઘાટન કર્યું હતું.. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગુજરાતના સર્વાંગી  વિકાસ માટે સરકાર કટિબધ્ધ છે.

(બાઇટ- ભુપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

---------------------------

## FARMERES REGISTRATION RESTARTS

રાજ્યમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના જમીન દસ્તાવેજને આધાર સાથે યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે નોંધણી માટે જે ખામી સર્જાઇ હતી, તે ખામી હવે દૂર થતા ફરી નોંધણી પ્રક્રિયા શરૂ થઇ છે. અત્યાર સુધીમાં રાજ્યના ૧૧ લાખ ૫૭ હજારથી વધુ ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરી છે. પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં ફાર્મર રજીસ્ટ્રીમાં પ્રથમ ક્રમે છે.

કેન્દ્ર સરકારની સૂચના અનુસાર એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના તમામ ખેડૂતોની ફાર્મર રજીસ્ટ્રી 25મી માર્ચ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. જ્યારે, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થી ખેડૂતોને આગામી ડિસેમ્બર માસનો હપ્તો મેળવવા માટે આજે ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાત પણે કરાવવા માટે જણાવવામાં આવ્યું હતું.

----------------------------

## BALKTI MOT

સુરતના સચિનમાં આવેલા પાલી ગામે આઇસ્ક્રિમ ખાધા બાદ  ત્રણ બાળકીઓના મોત નિપજ્યાં છે.. જ્યારે એક બાળક સારવાર હેઠળ છે.

ત્રણ બાળકીઓ સહીત એક બાળક રમી રહ્યા હતા, ત્યારે તેઓએ આઇસ્ક્રીમ ખાધા બાદ ચારેની તબિયત લથડી હતી. તેમણે ઉલટીઓ કરવાનું શરૂ કરતાં તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલ લઇ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે તેમને નવી સિવિલ હોસ્પિટલ લાવતા ત્રણ બાળકીઓને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બાળકીઓના મૃતદહોના  પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ જાણી શકાશે..

----------------------------

## KUTCH - GHORAD

કચ્છમાં જોવા મળતા ઘોરાડના સંરક્ષણ અને સંવર્ધન માટે સર્વોચ્ચ અદાલતે રચેલી નિષ્ણાત સમિતિ ચાર દિવસના કચ્છ પ્રવાસે આવશે. અગાઉ આ સમિતિએ રાજસ્થાનની મુલાકાત લીધી હતી.

કચ્છમાં પાવર લાઇનો ભૂગર્ભમાં પાથરવા ક્ષેત્રો સૂચવી શકાય અને સ્ટેકહોલ્ડર સાથે ચર્ચા થાય તે માટે, નિર્ધારીત બેઠકોનો દોર યોજવામાં આવશે.

આ સમિતિ આવતીકાલે ભુજ આવશે. ગુજરાતમાં માત્ર ઘોરાડ મુદ્દે સર્વોચ્ચ અદાલતના નિર્દેશ બાદ આ મુલાકાત નક્કી કરાઈ છે.

---------

## TRAIN CANCEL

પશ્ચિમ રેલવેના અમદાવાદ-વિરમગામ સેક્શનમાં બ્લોક લેવાના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે.

સાબરમતી, સાબરમતી (એફ કેબિન) અને ચાંદલોડિયા (એ) સ્ટેશનો પર ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ લગાવવા માટે બ્લોક લેવાનો હોવાથી કેટલીક ટ્રેનોને અસર થશે. જે મુજબ વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ આજે અને આવતીકાલે રદ રહેશે.

તેવી જ રીતે જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ આવતીકાલે અને બીજી ડિસેમ્બરે રદ રહેશે.

ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઇન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ-સુરેન્દ્રનગર વચ્ચે આવતીકાલે અને બીજી તારીખે આંશિક રીતે રદ રહેશે. તેવી જ રીતે વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઇન્ટરસિટી એક્સપ્રેસ સુરેન્દ્રનગર-ગાંધીનગર કેપિટલ વચ્ચે આજે અને આવતીકાલે આંશિક રીતે રદ રહેશે.

આ સાથે આજે ગાંધીનગર કેપિટલ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ વાયા ગાંધીનગર કેપિટલ-ચાંદલોડિયા-વિરમગામને બદલે ડાયવર્ટ કરેલા રૂટ વાયા ગાંધીનગર કેપિટલ-મહેસાણા-વિરમગામ થઈને દોડશે.

--------------